દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫

# સરહદ પારથી ગેરકાયદે ઘૂસણખોરી: વિશ્વના અનેક દેશોને કનડતી સમસ્યા

સરહદ પારથી ઘૂસણખોરી એ ભારતને જ નહીં, વિશ્વના અનેક દેશોને કનડતી સમસ્યા છે. ભારતમાં ઘૂસણખોરી, મુખ્યત્વે લોકો અને આતંકવાદીઓ દ્વારા ગેરકાયદેસર સરહદ પારથી પ્રવેશના સંદર્ભમાં ગણવામાં આવે છે. , તે એક મુખ્ય આંતરિક સુરક્ષા પડકાર તરીકે ઉભરી આવી છે જે નોંધપાત્ર સામાજિક, રાજકીય અને આર્થિક અસરો ધરાવે છે. અસરગ્રસ્ત પ્રાથમિક સરહદો બાંગ્લાદેશ અને પાકિસ્તાન સાથેની છે, જ્યારે આ મુદ્દો મ્યાનમાર અને નેપાળ સાથેની સરહદો સુધી પણ વિસ્તરે છે. ભારતમાં ઘૂસણખોરીની સમસ્યા બાંગ્લાદેશ સરહદે ખૂબ વ્યાપક છે અને આ સમસ્યાને રોકવા માટે વિવિધ પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા છે પરંતુ તેમ છતાં પણ આ સમસ્યા ચાલુ જ છે. હાલમાં સરકારે આપેલા આંકડા મુજબ, જાન્યુઆરીથી નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારત-બાંગ્લાદેશ સરહદ પર સૌથી વધુ ૧,૧૦૦ ઘૂસણખોરીના પ્રયાસો અને ૨,૫૦૦થી વધુ ધરપકડો જોવા મળી હતી. જો કે મોટા પ્રમાણમાં ગેરકાયદે ઘૂસણખોરો પકડાયા વિના દેશમાં પ્રવેશી ગયા હોય તે શક્ય છે. બાંગ્લાદેશ સાથેની સરહદના ૭૯.૦૮ ટકા અને પાકિસ્તાન સાથેની સરહદના ૯૩.૨૫ ટકા પર વાડ કરવામાં આવી છે અને ખાસ કરીને બાંગ્લાદેશ સરહદે ૧૦૦ ટકા વાડ કરવી જરૂરી છે. ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે હાલ સંસદના શિયાળુ સત્રમાં એક લેખિત જવાબમાં બાંગ્લાદેશ, ચીન, પાકિસ્તાન, નેપાળ, ભૂતાન અને મ્યાનમાર સાથેની ભારતીય સરહદો પર ઘૂસણખોરીના પ્રયાસો અને ધરપકડ અંગે માહિતી આપી હતી.

વ્યાપક ચિત્ર આપતાં રાયે જણાવ્યું હતું કે ૨૦૧૪ થી, ભારતની સરહદો પર ૮,૫૦૦ થી વધુ ઘૂસણખોરીના પ્રયાસો શોધી કાઢવામાં આવ્યા છે, જ્યારે ૨૦,૮૦૦થી વધુ ઘૂસણખોરોની ધરપકડ કરવામાં આવી છે. ભારત-બાંગ્લાદેશ સરહદ, જે ૪,૦૯૬.૭૦ કિમી લાંબી છે, તે આ કેસોમાં મોટાભાગનો હિસ્સો ધરાવે છે, જેમાં ૨૦૧૪ થી ૨૦૨૪ દરમિયાન ૭,૫૦૦ થી વધુ ઘૂસણખોરીના પ્રયાસો અને ૧૮,૮૦૦ થી વધુ ધરપકડો નોંધાઈ છે. 2,289.66 કિમી લાંબી ભારત-પાકિસ્તાન સરહદ પર, 2014 થી લગભગ 420 ઘૂસણખોરીના પ્રયાસો શોધી કાઢવામાં આવ્યા છે, જેમાં લગભગ 560 ધરપકડો નોંધાઈ છે. 1,643 કિમી લાંબી ભારત-મ્યાનમાર સરહદ પર આ જ સમયગાળા દરમિયાન 290 થી વધુ ઘૂસણખોરીના પ્રયાસો અને લગભગ 1,150 ધરપકડો નોંધાઈ છે. ભારત-નેપાળ અને ભારત-ભૂતાન સરહદો પર મળીને લગભગ 160 ઘૂસણખોરીના પ્રયાસો અને લગભગ 260 ધરપકડો નોંધાઈ છે, જવાબમાં જણાવાયું છે. સરહદી માળખાકીય સુવિધાઓ અંગે, રાયે જણાવ્યું હતું કે ભારત-બાંગ્લાદેશ સરહદના 79.08 ટકા ભાગ પર ભૌતિક રીતે વાડ કરવામાં આવી છે, જે 3,239.92 કિમી આવરી લે છે, જ્યારે 856.78 કિમી હજુ પણ વાડ કરવામાં આવી નથી. ભારત-પાકિસ્તાન સરહદ પર, 93.25 ટકા ભાગ પર વાડ કરવામાં આવી છે, જોઇ શકાય છે કે આમાં સૌથી વધુ ઘૂસણખોરી બાંગ્લાદેશ સરહદેથી જ થાય છે.

દેશની જુદી જુદી સરહદેથી થતી ઘૂસણખોરીને લગતા પાસાઓ પણ કંઇક જુદા જુદા છે. પાકિસ્તાન સરહદેથી થતી ઘૂસણખોરીમાં આતંકવાદીઓનું પ્રમાણ વધારે હોય છે, જ્યારે બાંગ્લાદેશ સરહદેથી થતી ઘૂસણખોરીમાં ભારતમાં ગેરકાયદે રીતે વસી જવાની ઇચ્છા સાથે પ્રવેશતા લોકોનું પ્રમાણ મોટું જણાયું છે. વિવિધ સરહદેથી થતી ઘૂસણખોરીના મહત્વના પાસાઓ કંઇક આ મુજબ સમજાવી શકાય. ભારત-બાંગ્લાદેશ સરહદ: આ સરહદ પર ઘૂસણખોરીના સૌથી વધુ પ્રયાસો અને ધરપકડો જોવા મળે છે, જેમાં મુખ્યત્વે ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓ અને માનવ તસ્કરીનો સમાવેશ થાય છે, જોકે સ્લીપર સેલ અને આતંકવાદી નેટવર્ક વિશે પણ ચિંતા છે. સરહદની છિદ્રાળુ, લાંબી અને ઘણીવાર નદી નાળાથી ભરેલ જમીન દેખરેખને મુશ્કેલ બનાવે છે. ભારત-પાકિસ્તાન સરહદ: નિયંત્રણ રેખા (LoC) અને આંતરરાષ્ટ્રીય સરહદ (IB) પાર ઘૂસણખોરીમાં મુખ્યત્વે પ્રશિક્ષિત આતંકવાદીઓનો સમાવેશ થાય છે જેમને સરહદ પારથી લોજિસ્ટિકલ સપોર્ટ મળે છે, આ લાંબા સમયથી રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો છે. ભારત-મ્યાનમાર સરહદ: મુશ્કેલ ભૂપ્રદેશ અને વાડ વગરની સરહદ ડ્રગ્સ, શસ્ત્રો અને માનવોની તસ્કરીને સરળ બનાવે છે, અહીં ઘૂસણખોરી ઘણીવાર ઉત્તરપૂર્વના બળવાખોર જૂથો સાથે જોડાયેલી હોય છે. ભારત-નેપાળ સરહદ: કડક હિલચાલ નિયંત્રણોના અભાવને કારણે આ ખુલ્લી સરહદ ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓની હિલચાલ, માનવ તસ્કરી અને આતંકવાદીઓ માટે સંભવિત પરિવહન માટે સંવેદનશીલ છે. આપણે અગાઉ જોયું તેમ ઘૂસણખોરીની સમસ્યાથી વિશ્વના ઘણા દેશો ત્રસ્ત છે. અમેરિકામાં કદાચ સૌથી વધુ ગેરકાયદે ઘૂસણખોરી થતી હશે. ત્યાં જમીન સરહદેથી, દરિયાઇ માર્ગેથી વગેરે અનેક રીતે ગેરકાયદે ઘૂસણખોરી થાય છે. કેટલાક યુરોપિયન દેશોમાં પણ ઘૂસણખોરી ઘણી થાય છે. ઘૂસણખોરીનો મુદ્દો ઘણા દેશોમાં રાજકીય રીતે પણ સળગતો મુદ્દો બની ગયો છે. આપણે ત્યાં પણ આ એક સંવેદનશીલ મુદ્દો છે.

## સ્કૂલનું રજીસ્ટર



ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

પચાસ વર્ષની પાર પહોંચેલા એક સજ્જન ડીપ્રેશનનો શિકાર બન્યા તેમને, તેમનું જીવન અસફળ લાગતું હતું. વાસ્તવમાં તો તેમનું જીવન સફળ હતું, સારી નોકરી, પત્ની, પરિવાર, ઘર, ગાડી બધું જ હતું. છતાં તેમના મનમાં થતું કે તેઓ જીવનમાં કંઈ કરી શક્યા નથી. જે સપનાઓ જોયા તે પૂરા કરી શક્યા નહીં. બસ આ જ વિચારો, અસંતોષ અને ચિંતા અને તણાવ નિર્માણ કરતા. સજ્જનને પોતાની ઘર, પરિવાર, નોકરીની જવાબદારીઓ ભારરૂપ લાગતી... કંઈ કરવું ગમતું નહીં. હંમેશા ઉદાસ અને ગુસ્સામાં રહેતા. તેમની પત્નીએ એક કાઉન્સેલર મિત્રની મદદ લેવાનું નક્કી કર્યું. કાઉન્સેલર જોડે ધીમેધીમે વાત કરતા કરતા. સજ્જન રડવા લાગ્યા અને બોલ્યા જીવનમાં હું અસફળ રહ્યો, કોઈ સપના પુરા ન કરી શક્યો, માત્ર નોકરી કરી બીજું શું કર્યું, આખું જીવન નકામું ગયું.' સજ્જન પોતાના મનની વાતો કહી રહ્યા હતા ત્યાં કાઉન્સેલરે પ્રશ્ન પૂછ્યો, 'તમે કઈ સ્કૂલમાં ભણ્યા છો?' સજ્જને પોતાની સ્કૂલનું નામ કહ્યું... કાઉન્સેલર બોલ્યા, 'રીયુનિયન થયું છે સ્કૂલનાં મિત્રોનું?' સજ્જને કહ્યું, 'ના નથી થયું..' કાઉન્સેલર બોલ્યા, 'એક કામ કરો તમારી સ્કૂલમાં જઈ તમારા ધોરણ દસના વર્ષના રજીસ્ટરની કોપી લઇ આવો. બધા સાથે ભણનારા અત્યારે શું કરે છે તે શોધો, એક રિયુનીયન કરો અને પછી મને મળવા આવજો.' સજ્જનને કંઈક નવું કામ મળ્યું, તેમણે મહેનત કરી સ્કૂલનું રજીસ્ટર મેળવ્યું અને એક પછી એક મિત્રોની ભાળ કાઢવાની શરુ કરી. તેમને જીવનની કઠોર હકીકત સમજાવા લાગી. મોટાભાગના મિત્રો, તેમની જેમ જ કોઈ નોકરી કરી રહ્યા હતા, અમુક મિત્રો ઘણા સફળ થયા હતા કોઈ પિતાના ધંધામાં તો કોઈ જાતમહેનતે... અમુક મિત્રો સાવ નિષ્ફળ રહ્યા હતા.. કોઈને નશાની લત લાગી હતી, અમુકની કોઈ ખબર જ ન મળી, બે કે ત્રણ મિત્રો મૃત્યુ પામ્યા હતા... કોઈ બીમારીથી, તો કોઈ બાળકની તકલીફથી... કોઈ ગરીબીથી, તો કોઈ એકલતાથી પરેશાન હતું. આ બધું જાણીને સજ્જનને અંદરથી એક ધક્કો લાગ્યો. રીયુનીયન તો પછી ગોઠવાયું પણ પહેલા સજ્જનની આંખો ખુલી ગઈ કે 'પોતે ગરીબ નથી, બીમાર નથી, એકલા નથી એથી વધારે શું જોઈએ અને મોટાભાગના આ બધું જ મેળવીને ખુશ છે. જીવનમાં પરેશાની બધાને છે અને પોતાની પરેશાનીઓ તો બીજા કરતા ઘણી ઓછી છે એટલે હકીકતમાં તો તેઓ ભાગ્યશાળી છે. જે મળ્યું છે તેના માટે ઈશ્વરનો જેટલો આભાર મને તેટલો ઓછો છે.' આ હકીકત સમજતા ડીપ્રેશન આપોઆપ દૂર થઈ ગયું.

# અરાવલી અંગેનો ચુકાદો હજી પૂર્ણ નહીં કહેવાય

અદાલતનું કામ કાયદાના કે બંધારણના અર્થઘટનનું છે. પરવાનગી આપવાનું નથી. કાયદાની કોઈ જોગવાઈના એક કરતાં વધુ અર્થ થતા હોય ત્યારે તકરાર ઉપસ્થિત થાય તો અદાલતે કારણો આપી અર્થઘટન કરવાનું રહે છે. ભારતના બંધારણ મુજબ યુદ્ધ કરવા કે પર્વતો ખોદવા માટે પરવાનગી આપવી કે ન આપવી તે અદાલતના કાર્ય ક્ષેત્રમાં આવતી બાબત નથી. પર્વતો ગેરકાયદે ખોદાતા હોય કે કાયદા દ્વારા પ્રતિબંધ હોવા છતાં ખોદાતા હોય અને વહીવટી તંત્ર પગલાં ન લે ત્યારે અદાલત કાયદાની જોગવાઈ મુજબ વહીવટી તંત્રને પગલાં લેવા માટે આદેશ આપી શકે છે. સગીરની મિલકત વેચવા અદાલતની પરવાનગીની જરૂર પડે છે. પરંતુ અરાવલી વેચવા માટે કાયદામાં અદાલતની પરવાનગીની કોઈ જોગવાઈ નથી. પર્યાવરણની રક્ષા કાયદા દ્વારા બનાવેલ નીતિઓને આધારે થાય છે, અને કાયદાના ખોટા અર્થઘટનને આધારે જો પર્વત ખોદવાની પરવાનગી મંજૂર કરી હોય તો જ અદાલત દરમ્યાનગીરી કરી શકે છે.

સુપ્રીમ કોર્ટે માત્ર પર્યાવરણ મંત્રાલય દ્વારા અપાયેલ નવ સરકારી અધિકારીઓની બનેલ સમિતિના અહેવાલનો અરાવલી ગિરિમાળાની વ્યાખ્યા કરતો અહેવાલનો સ્વીકાર કર્યો છે. અને જ્યાં અગાઉથી ખનન પટ્ટા માટે પરવાનગી અપાઈ છે તે ચાલુ રાખવા તથા પર્યાવરણ મંત્રાલય દ્વારા ચિરસ્થાયી ખનન પ્રબંધન આયોજન ન થાય ત્યાં સુધી ખનન પટ્ટો ન આપવા નિર્દેશ આપ્યો છે.

કોસ્ટલ રેગ્યુલેશન ઝોન લાગુ પડે છે ત્યાં દરિયા કાંઠે ભરતી સ્તરથી 500 મીટરની જમીન ખુલ્લી રાખવી પડે છે. નદીની પહોળાઈ જેટલી અથવા 200 મીટર જમીનમાં બાંધકામ થઈ શકતા નથી. તો પર્વત માટે એવી વ્યાખ્યા કઈ રીતે નક્કી થઈ શકે? સ્થાયી સ્તરથી 100 મીટર થી વધુ ઊંચાઈ હોય તો અરાવલી ગીરીમાળાનો ભાગ ગણાય એવું સમિતિ કહે છે અને સુપ્રીમ કોર્ટ સ્વીકારે પણ છે! લોકો દ્વારા ચૂંટાયેલી સરકાર વચ્ચેથી નીકળી ગઈ! ખરેખર તો 100 મીટર સરાસરી દરિયાઈ સપાટીથી ગણવા જોઈએ. હવાઈ મથકના ગરણી ક્ષેત્રમાં મકાનોની મહત્તમ ઊંચાઈ દરિયાની સરાસરી સપાટીના સ્તરને આધારે કે પ્રમાણભૂત સ્તર ચિન્હો (સ્ટાન્ડર્ડ બેન્ચમાર્ક) ને આધારે અપાય છે અને જ્યારે એમ ના થાય ત્યારે હવાઈમથકના વિસ્તરણને હાડમારી થાય છે.

> **અરાવલી વેચવા માટે કાયદામાં અદાલતની પરવાનગીની કોઈ જોગવાઈ નથી. પર્યાવરણની રક્ષા કાયદા દ્વારા બનાવેલ નીતિઓને આધારે થાય છે, અને કાયદાના ખોટા અર્થઘટનને આધારે જો પર્વત ખોદવાની પરવાનગી મંજૂર કરી હોય તો જ અદાલત દરમ્યાનગીરી કરી શકે છે**

પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે અરાવલીની અખંડિતને જાળવવા કામ કરશે તેવી જાહેરાત ૨૪ ડિસેમ્બરે બહાર પાડી, નવી ખનન પ્રવૃત્તિઓ રોકવા, સાથે જ સંરક્ષિત વિસ્તાર વધારવાની પણ વાત કરી. પરંતુ તેમાં જે મુખ્ય વિવાદ ૧૦૦ મિટરની ઊંચાઈને લઈને છે તેમાં કોઈ સ્પષ્ટતા કરી નથી. આ મુદ્દો હજી ત્યાંનો ત્યાં જ છે. કેમકે સ્થાનિક સ્તરથી ૧૦૦ મીટરથી ઓછી ઊંચાઈના પહાડો ખોદવા પરવાનગી આપી શકાય છે.

100 મીટર ઊંચાઈ ન હોય તો પર્વત ન ગણી શકાય? ખરેખર તો પર્વતનો પડછાયો જ્યાં જ્યાં ફરતો હોય તે તમામ વિસ્તાર પર ખોદકામ પર પ્રતિબંધ હોવો જોઈએ. રેડિયો એક્ટીવ પદાર્થ કે સોનું નીકળે તો ત્યારની વાત અલગ છે. કોઈ સમિતિનો અહેવાલ સ્વીકારવો કે ન સ્વીકારવો તે વડાપ્રધાન કે મુખ્યમંત્રીની મનસુફી કે વિવેકબુદ્ધિ પર રહેલો છે. તે અહેવાલ સરકારને બંધનકર્તા નથી તો અરવલ્લી અંગે નિમાયેલ તજજ્ઞ સમિતિનો અહેવાલ સરકારને કે અદાલતને બંધનકર્તા ક્યાંથી હોઈ શકે? તજજ્ઞ સમિતિના અહેવાલ પર પ્રથમ વહીવટીતંત્રએ અભ્યાસ કરવો-કરાવવો જોઈએ અને કારણો સહિત સ્વીકાર કે અસ્વીકાર કરવો જોઈએ.

ખાણ ખનન પ્રવૃત્તિ કરતા પહેલા લાભાલાભનો પણ વિચાર કરવો જોઈએ. ખનન પ્રવૃત્તિને લીધે વિદેશી બ્રાન્ડ મશીનો બનાવતી કંપનીઓને કામ મળશે. કંપનીઓના પ્રમાણમાં મજૂરોને શું મળશે? અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીએ આપેલા તારણો મુજબ ભારતને શુદ્ધ હવા મેળવતા 180 વર્ષ લાગશે હવે આ તારણોમાં અરાવલી ગિરિમાળાના નિકંદનનો હિસાબ ભેગો થશે ત્યારે શુદ્ધ હવા મેળવતા કેટલા વર્ષ વધી જશે? ખરો પ્રશ્ન અદાલત, અરાવલી ગિરિમાળા, ધાર્મિક માન્યતાઓ કે વહીવટીતંત્રની સત્તા અંગે નથી. સંશોધન દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજીના ઉપયોગથી, બૌદ્ધિક સંપદાથી સંપત્તિનું સર્જન કરનાર દ્રષ્ટિવાન ઉદ્યોગપતિઓ કે રાજકારણીઓનો અભાવ છે. કો.ઓપ. સેક્ટરને એક મર્યાદા છે કેમકે સંશોધન માટે બજેટ ફાળવવું મુશ્કેલ હોય છે.

એટલે છેલ્લે ખેતરો, પહાડો, જંગલો, દરિયા કે નદી વેડફી નાખવા પડે. બૌદ્ધિક સંપદાની માલિકી વિના પર્યાવરણની સુરક્ષા શક્ય નથી, સિવાય કે દેશ મશીનો દરિયામાં નાખીને ચરખા તરફ પાછો વળે. અરાવલી ગિરિમાળામાં ખનન પ્રવૃત્તિ અંગે નિર્ણય વહીવટી તંત્રને બદલે સુપ્રીમ કોર્ટે કરવો પડે એ કોઈ પણ લોકશાહી દેશ માટે સારી વાત નથી. વહીવટ બાબતે પ્રથમ અધિકાર ચૂંટાયેલી સરકારને છે અને જ્યારે તે કાયદાની વિરુદ્ધ કામ કરે ત્યારે અદાલત દરમિયાનગીરી કરી શકે. સંસદે ભારતની પર્વતમાળાઓના અભ્યાસ માટે સમિતિ નિમિને એક સમાવિષ્ટ નીતિ કાયદા દ્વારા બનાવવી જોઈએ.

વિકસિત દેશોમાં કલમો અને કાયદાપોથીના આધાર પર અદાલતો ચાલે છે ચુકાદાઓ પર નહીં. તેથી જ ટ્રમ્પના ટેરીફસ ઓર્ડર સામે ચાર પાંચ મહિનાની અંદર અમેરિકાની નીચલી તથા અપીલ કોર્ટે ચુકાદા આપી શકી. અરાવલી અંગેનો નિવેડો વર્ષો બાદ આવ્યો તે પણ હજી પૂર્ણ નહીં કહેવાય. પર્યાવરણ મંત્રાલય દ્વારા અભ્યાસ પૂરો થયા બાદ અને સસ્ટેનેબલ માઈનિંગ મેનેજમેન્ટ પ્લાન (ચિરસ્થાયી ખનન પ્રબંધન આયોજન) બન્યા બાદ નવા વિવાદો ઉભા થવાની સંભાવના રહેલી છે.

**- કુમારેશ ત્રિવેદી**

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## સમાજ કરે સફળતાનો વિરોધ?

ગાયક કલાકાર કિંજલ દવે અને ધ્રુવિન શાહના આંતરજ્ઞાતિય સંબંધ મુદ્દે ચર્ચાએ સમાજમાં વ્યાપક જોર પકડયું છે. જે અન્વયે કિંજલ દવેના પિતા લલિત દવેનો તેમના સમાજમાં આજીવન બહિષ્કાર કરવામાં આવ્યો છે. હવેથી તેમને સમાજના કોઈપણ પ્રસંગમાં આવકારવામાં નહીં આવે અને તેમને સાથ આપનાર સામે પણ પગલાં લેવાશે. અહીં કિંજલ દવેના પિતાએ વિરોધીઓને સણસણતો જવાબ આપતા કહ્યું, કે 'અમારે કોઈના સર્ટિફિકેટની જરૂર નથી. આજે આંતરજ્ઞાતીય લગ્નો તો ગણા થાય છે. આ કંઈ અપવાદરૂપ કિસ્સો તો નથી જ. ધ્રુવિન શાહ એક સારા પરિવારમાંથી આવતો વેલસેટલ્ડ યુવાન છે. કિંજલ દવે એક નાની ઉંમરે સફળતાના શિખરે પહોંચેલી યુવતી છે. અને કદાચ આ જ સફળતા તેના સમાજ માટે વિરોધ કરવા માટેનો માપદંડ બની ગઈ હોય એવું નથી લાગતું? જ્યારે જે તે વ્યક્તિના સંઘર્ષયુક્ત કપરાં સમયમાં નહિ પણ સફળતા પર સમાજનો અધિકાર? શું આજે પણ કહ્યાગરી, દરેક વાતમાં હા પુરાવનારી, ગાયની જેમ દોરે ત્યાં જાય, પોતાનો જુદો ચીલો ન ચાતરનારી દિકરી જ યોગ્ય છે? આજના ટેકનીકલ, પરિવર્તનશીલ સમાજમાં આ વાહિયાત જ ભાસે છે. 2026 તરફ આગળ વધી રહ્યા છીએ, ત્યારે આપણે, સમાજે મન મોટું, સહિષ્ણું અને સમજવાળું રાખવું જોઇએ. અને એ જ કોઈપણ સમાજની તંદુરસ્તીની નિશાની છે.

**સુરત - કલ્પના બામણીયા**

## ગલતેશ્વરમાં બીજી પ્રવૃત્તિઓ બંધ કરો!

14-12-2025. રવિવારના દિવસે અમારે પરિવાર સાથે બારડોલી પાસે ગલતેશ્વર મહાદેવના દર્શને જવાનું થયું. ગુલાબી-મીઠી ઠંડીમાં ભગવાનના દર્શન કરવા એવું મન કહેતું હતું. અમે ત્યાં પહોંચી જ ગયા! પણ! આ શું? મંદિર પાસે જ ત્યાંના સ્વયંસેવકો દ્વારા જાણવા મળ્યું કે આજે સંપૂર્ણપણે દર્શન બંધ છે. અમે તો નિરાશ થઈ ગયા. સુરતથી લગભગ બે સવા કલાકનું અંતર કાપી ઉત્સાહભેર ત્યાં ગયેલા પણ ત્યાંના લાગતા વળગતાં કહેવા લાગ્યા કે આજે સ્વામિનારાયણ સંપ્રદાયના એક સાધુ આવવાના છે. મોટા પાયા પર સત્સંગનું ત્યાં આયોજન થવાનું છે. તો શું શિવજી કરતાં પણ સંત સાધુનું મહત્વ વધારે છે? અહીં એવું જોવા મળ્યું કે ઈશ કરતાં પણ સંતનાં સત્સંગનું મહત્વ વધારે જણાયું. અમે ફક્ત દસ-પંદર મિનિટમાં જ ભગવાન ગલતેશ્વરના દર્શન કરી પરત ફરવાના હતાં. પણ ત્યાં આયોજકોએ અમને ન જવા દીધા. અમારા જેવા ઘણાં દર્શન કરવાવાળા કાલાવાલા કરતાં હતાં આ પ્રાચીન મંદિર છે. સંતો તો આજ કાલના છે. ભગવાનને બાજુ પર રાખવું એ પ્રભુનું અપમાન છે.

**સુરત - જય રાણા**

## સિનિયર સિટીઝન પાઠશાલા

50-60 વર્ષ પહેલાં રૂઢિ ચુસ્ત સમાજમાં સ્ત્રી શિક્ષણને વધુ પ્રાધાન્ય આપવામાં આવતું ન હતું. જેથી એ સમયમાં શિક્ષણથી વંચિત રહી ગયેલી મહિલાઓ અત્યારે તો વૃદ્ધાવસ્થાને આરે હોય એ સ્વાભાવિક છે. તેઓ અનપઢ રહ્યાનો અફસોસ કરતા હોય છે પણ બીનાબેન કળથીયા નામની એક જાગૃત મહિલા કે જે મુખવાસ બનાવવાનો નાનો વ્યવસાય કરતા હોવા છતાં આવી મહિલાઓને શિક્ષણ આપવાનું બીડુ ઝડપ્યું, સ્ટ્રીટ લાઇટની નીચે આ બહેને બે વૃદ્ધ મહિલાથી શરૂઆત કરી, જેમાં સ્લેટ, પેન, નોટબુક પણ પોતાના ખર્ચે લાવી આપતા અને 50 થી 70 વર્ષની વૃદ્ધાઓને તેઓ પોતાનું કામ ચલાવી શકે એટલું શિક્ષણ આપવાનું શરૂ કર્યું. આ 'બા' લોકોને પૌત્ર પૌત્રી અને સમાજના સંકોચને લઈને સ્લેટ પેન લઈને કઈ રીતે ભણવા જવું? લોકો હાંસી ઉડાવશે તો! પણ આ બહેને બધાને સમજાવીને ભણવા આવવા માટે પ્રેરિત કર્યા, આ રીતે આ બહેને લગભગ 150 જેટલી વૃદ્ધાઓને શિક્ષણ પૂરું પાડ્યું. પરિણામ સ્વરૂપ આ બહેનો વાંચી લખી શકે છે. મોબાઈલમાં જાતે નંબર ડાયલ કરી વાતચીત કરી શકે છે. ધાર્મિક પુસ્તકોનું વાંચન કરી શકે છે. અત્યારે પણ 70 જેટલા 'બા' લોકો અક્ષર જ્ઞાન મેળવી રહ્યા છે. આ અનોખી પાઠશાળા સુરતના કતારગામ વિસ્તારમાં અત્યારે પણ ત્રણ થી પાંચના સમયમાં ચાલી રહી છે ધન્ય છે આ બહેનને.

**સુરત - રેખા.એમ.પટેલ**

## વિબી-જી રામજીનાં માળખા અને કાયદામાં શું બદલાવ થયો?

મનરેગા યોજના ભારતમાં એક સમાનતા મુજબ લાગુ પાડવામાં આવી હતી. તે સંપૂર્ણ કેન્દ્ર સરકાર પર નિર્ભર હતી. જેમાં આજીવિકા ગેરંટી ગ્રામીણ નાગરિકોને આર્થિક નિર્ભર કરવાની વાત હતી. વિબી-જી રામજીમાં રોજગારના દિવસો 125 કર્યા છે. પહેલા 100 દિવસો હતા. પરંતુ ભંડોળ હવે કેન્દ્ર અને રાજ્ય બંને પર નિર્ભર બતાવ્યું છે. કેન્દ્ર અને રાજ્ય આમ 60:40 ભાગે વહેંચણી થઈ છે. જેમાં ઉત્તર પૂર્વ અને હિમાલયના રાજ્યો માટે ભંડોળનો ગુણોત્તર અલગ બતાવ્યો છે 90:10 આપ્યો છે. અને કેન્દ્રશાસિત પ્રદેશ માટે 100% ખર્ચ ભારત સરકાર કરશે. પહેલા મનરેગા માંગ અને અધિકાર મુજબ બની હતી. જ્યારે હાલમાં આ યોજના પુરવઠા આધારિત છે. અને રાજ્ય સરકારે પણ ખર્ચ ઉઠાવવાનો છે. જેમાં મોસમી બેકારી ઘટી શકે કદાચ કારણ 25 દિવસ વધુ એડ કર્યા અને જો સમયસર ચુકવણી નાણાંની ન થાય તો દંડની રકમ પણ વધારી છે. અઠવાડિયા અથવા 15 દિવસમાં ચુકવણી કરવાની છે. જો વિલંબ હોય તો 1000થી દંડ વધારીને દસ હજાર સુધીનો બાતવ્યો છે. પહેલા રોજગાર ખોદકામ પર આધારિત હતું. જેનું હવે વિસ્તરણ કરીને ચાર વિભાગમાં વહેંચ્યું છે. અહીં આખા ભારતની સમાનતા મુજબ મનરેગા હતી તેમાં કાપ મુકાયો છે. વિસ્તાર મુજબ કાર્યની ઝડપ આપવામાં આવી છે. જેનો ઉપયોગ યોગ્ય થશે તો ફળશે નહીં તો વેઠ ઉતારો થશે.

**તાપી - હરીશકુમાર ચૌધરી**

## મોબાઈલનો વધતો જતો વપરાશ

ભારતના લોકો અમેરિકા પશ્ચિમ યુરોપ અને ચીન જેવા પરિપક્વ અર્થતંત્ર કરતાં પણ વધુ ઉપયોગ મોબાઈલનો કરે છે. ભારતમાં આજના માતાપિતા પોતાના બાળકોમાં વધતી જતી મોબાઈલની લત બાબતે ચિંતિત છે. દરેક ઘરમાં તેની શરૂઆત ગેમ રમવાથી થતી હોય છે. પોતાનું બાળક ગેમ રમતા એમાં જીતશે જ એવી ઈચ્છા રાખતા હોય છે. આ ટેકનોલોજી અને ડીજીટલ ઉપકરણ ધીમે ધીમે કિશોરવયના બાળકના માનસપટ પર ઊંડી અસર કરવા માંડે છે. અજાણતાં જ એમની પાસેથી એ બાબત છીનવી લે છે જે કિશોરવયના બાળકો માટે અત્યંત જરૂરી છે. જેમ કે મિત્રો બનાવવા, બહાર જઈને ક્રિકેટ, ગીલ્લી દંડા અને પકડદાવ જેવી રમતો રમવી વિગેરે વિગેરે. ઘણીવાર તેઓને લાગે છે કે માતાપિતા કારણ વગર ટકોર કરી સુધારે છે અને તે ઘણે અંશે વ્યાજબી પણ છે પરંતુ તે બાળકના હિતમાં છે છતાં બાળકને આ ગમતું નથી.

**અડાજણ, સુરત- શીલા ભટ્ટ**

# બેદરકારીની સીમાઓ ઓળંગતા પ્રશાસનને સુશાસન કહી શકાય?

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

ઉત્તર ગુજરાતમાં એક લોકલ મેમુ ટ્રેન ડીઝલ ખૂટી પડવાના કારણે ઉભી રહી ગઈ!, અમદાવાદમાં જાણીતા સુભાષ બ્રિજમાં એવી તિરાડો દેખાઈ કે હવે તે આખો જ તોડી પાડવો પડશે. મધ્ય ગુજરતમાં એક જૂનો પુલ તૂટી પડ્યો હતો અને બારથી વધુ લોકોના મોત થયા હતા માટે સુભાષ બ્રિજને તાત્કાલિક બંધ કરવાના નિર્ણય લેવા પડ્યા પણ વલસાડમાં નિર્માણ પામતો બ્રિજ જ તૂટી ગયો અને ગુજરતમાં આ લગભગ દસથી વધુ વાર બનેલી ઘટના છે. અમદાવાદમાં વડાપ્રધાન શ્રીએ જેનું ઉદ્ઘાટન કર્યું હતું તે હાટકેશ્વર બ્રીજ નબળો લાગ્યો અને હવે તે તોડી પાડવાનો છે.

જો ઝીણવટ પૂર્વક લિસ્ટ બનાવીએ તો ગુજરતમાં દિન પ્રતિદિન સત્તાવાળાની, પ્રશાસનની બેદરકારી વધતી જોવા મળે છે. વળી મોટા શહેરોમાં બનતી ઘટનાની મીડિયા નોંધ લે છે નાનાં નાનાં ગામોમાં બનતી ઘટનાની કોઈ નોંધ જ નથી લેતું. કારણ? કારણ ગુજરતના ઉચ્ચ, મધ્યમ વર્ગને કોઈ ફેર જ પડતો નથી.

મોરબીનો પુલ તૂટે કે અમદાવાનો... ચુંટણી વખતે માત્ર મોદી સાહેબ રોડ શો કરે અને મત મળી જાય તેવી ખસૂસ ખાતરી શાસક પક્ષને થઈ ગઈ છે. થોડા સમય પહેલા શાસનની બેદરકારી માત્ર ગરીબોને જ નડતી હતી પણ હવે તો રેલો ઉચ્ચમધ્યમ વર્ગ સુધી પણ પહોચ્યો છે. ટ્રાફિક હોય કે સ્કૂલ-કોલેજોમાં પ્રવેશ બધે જ હવે બધા જ હેરાન થાય છે. કારણ કે જેમને ચૂંટી મોકલ્યા છે તેમને કદી સવાલ કર્યા જ નથી અને સવાલ કરે પણ ક્યાંથી? વોટ તો મોદી સાહેબના નામે આપ્યા છે! વળી આપણને હવે બીજાની ચિંતા જ નથી. મોરબી કાંડમાં હેરાન થયેલા એ તેમનાં દુખ રડે અને વડોદરા બોટકાંડ વાળા તેમનાં દુખ રડે. રાજકોટ ગેમઝોન વાળાને પ્લેન ક્રેશ વાળાની ચિંતા નથી અને પ્લેન ક્રેશવાળની યાદ મોરબીવાળાને આવવાની નથી. બાકી તો ગુજરતના નાના ખૂણેથી પણ અવાજ આવ્યો હોત કે અમદાવામાં 270 લોકોનાં પ્રાણ ગયા છે તેને હજુ એક વરસ નથી થયું તો કાંકરિયા કાર્નિવલ જેવા સરકારી ઉત્સવ શા માટે? સાચું કહો કોઈને આ 270 માર્યા ગયા તે યાદ આવે છે? ના પ્રજાના ઉચ્ચમધ્યમ વર્ગની જાહેર જીવન પ્રત્યેની ઉદાસીનતા ગંભીર ચિંતાનો વિષય છે. જો પ્રશાસનની બેદરકારીની વાત કરીએ તો કોઈ કહેશે કે ભાઈ વિપક્ષ નબળો છે. અમે કહીએં છીએ કે ભાઈ વિપક્ષ નબળો છે માટે જ મીડિયા અને આગેવાન લોકોની જવાબદારી વધી જાય છે.

આ દેશની હકીકત એ છે કે દેશમાં થોડાક ભ્રષ્ટ અને અન્યાયી લોકોનું શાસન પુરબહાર ખીલ્યું છે. કારણકે એમને ભીષ્મ જેવા નિષ્ઠાવાન, પ્રમાણિક લોકો મળી ગયા છે. આ દેશમાં અપ્રમાણિક લોકોનો કારોબાર પ્રામાણિક લોકો નિષ્ઠાથી ચલાવે છે. એટલુ જ નહિ અન્યાય સહન કરવામાં નિષ્ઠા સમજે છે તથા દુખ તો એ વાતનું છે કે કોઈ આ અન્યાય અત્યાચાર સામે અવાજ ઉઠાવે ભ્રષ્ટાચારને ખુલ્લો પડે તો એને પેલા અપ્રમાણિક લોકો પહેલા આ પ્રમાણિક નિષ્ઠાવાન લોકોનો સામનો કરવો પડે છે. જેમ દુર્યોધનને બચાવવા ભીષ્મ મેદાને પડ્યા હતા તેમ આ પ્રમાણિક લોકો અત્યાચારીઓને બચાવવા મેદાને પડે છે.

નકલી અધિકારીઓ અને નકલી નિમણુંકોનાં કાંડ ખુલે છે તો કોઈને પ્રશ્ન થાય છે કે આટલું બધુ, આટલો લાંબો સમય કેવી રીતે ચાલ્યું? આ કિસ્સાઓમાં કોઈ ફરિયાદ થઈ હોય તે મામલો સામે આવ્યો. પણ આપણું મીડિયા, આપણા પત્રકારો આ બાબતો સામે લાવી શક્યા નહીં. આ આશ્રમોમાં જે ચાલે છે તે જ બધું ઘણી શિક્ષણ સંસ્થાઓમાં ચાલે છે. આરોગ્ય ધામોમાં ચાલે છે ઓફિસો અને ચેનલોના ધંધામાં ચાલે છે, ક્રિકેટમાં ચાલે છે, ફિલ્મોમાં ચાલે છે પણ આ બધું જ બહાર નથી આવતું કારણકે આ બધી જ જગ્યા એ પ્રમાણિક લોકો આ બાબતોની આડે ઊભા છે. ક્યારેય તમે જોયું કે દેશ દુનિયાનાં ભ્રષ્ટાચાર ખોલનાર પત્રકારે પોતાના અખબાર કે ચેનલમાં થતા શોષણની વાત કરી. કોઈ શિક્ષણ સંસ્થાના શિક્ષકે પોતાની સંસ્થામાં ચાલતા શોષણની વાત કરી? કોઈ ક્રિકેટરે સામેથી ખોટા કામો ખુલ્લા પડ્યા? એકલ દોકલ કિસ્સા સિવાય આવું ક્યાંય થયું નથી અને જ્યાં આવો કોઈ અવાજ ઉઠ્યો ત્યાં એ એકલો પડી ગયો અને માટે જ તે દબાવવો સહેલો થઈ ગયો. જરા નજર દોડાવો આપણી આસપાસ એવા હજારો લોકો છે જે ઘરના રોટલા ખાઈ વર્ષોથી અન્યાયી શાસકોનું ભલું કરી રહ્યા છે. થીયેટરના મેનેજરો બહુ ઓછા પગારમાં વર્ષોથી ખોટાહિસાબો સાચવી રહ્યા છે. શિક્ષકો અને આચાર્યો નિષ્ઠાપૂર્વક ટ્રસ્ટીઓના ખિસ્સા ભરી રહ્યા છે. રાજકીય પાર્ટીના સભ્યો પોતાના નેતાના ભ્રષ્ટાચાર અને અન્યાયો બચાવવા મહેનત કરી રહ્યા છે. ધર્મ ગુરુઓના શિષ્યો જ અધર્મને બચવી રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં ધૃતરાષ્ટ્ર છે. ભીષ્મ છે. પણ જટાયુ અને વિભીષણ ક્યાંય નથી.

> **જો ઝીણવટ પૂર્વક લિસ્ટ બનાવીએ તો ગુજરતમાં દિન પ્રતિદિન સત્તાવાળાની, પ્રશાસનની બેદરકારી વધતી જોવા મળે છે. વળી મોટા શહેરોમાં બનતી ઘટનાની મીડિયા નોંધ લે છે નાનાં નાનાં ગામોમાં બનતી ઘટનાની કોઈ નોંધ જ નથી લેતું. કારણ? કારણ ગુજરતના ઉચ્ચ, મધ્યમ વર્ગને કોઈ ફેર જ પડતો નથી**

મહાભારતમાં કૃષ્ણ અર્જુનને ઉપદેશ આપે છે તે ખરેખરતો ભીષ્મને સમજવાનો છે કે ધર્મના (ફરજના )પાલનમાં સંબંધો વચ્ચે ના આવે. આપણી નિષ્ઠા વ્યક્તિ માટે નહીં વિચાર માટે હોવી જોઈએ, કલ્યાણ માટે હોવી જોઈએ. આ દેશની વર્તમાન સ્થિતી માટે આ અપ્રમાણીક લોકોની નિષ્ઠાપૂર્વક સેવા કરનારા વધારે જવબદાર છે. આપણે અર્જુન અને વિભીષણમાંથી પ્રેરણા લેતા થઈએ અને ભીષ્મએ કરેલી ભૂલ ના કરીએ તો જ કંઈ વાત બને.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે